દાદા ભગવાન પરિવારનું

ડિસેમ્બર ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સુખની દુકાન

## સંપાદકીય

તમને તમારા બર્થ ડે પર બધાને ચૉકલેટ્સ વહેંચવાની મજા આવે ? આપણે આપણા સ્પેશિઅલ ડે પર બીજાને હેપ્પી કરીએ છીએ ત્યારે એમના કરતા વધારે હેપિનેસ આપણને થાય છે. જાણો છો કેમ ? કારણ કે, સુખ આપવાથી હંમેશાં સુખ જ મળે.

દાદાશ્રી કહે છે કે, જે સુખની દુકાન ખોલે એને કોઈ દિવસ સુખની કમી થાય જ નહીં ! સુખની દુકાન એટલે શું ? એ કેવી રીતે ખોલાય ? સુખની દુકાન ખોલવાથી શું થાય ? દાદાશ્રીની સુખની દુકાન કેવી હતી ? થીઓ એન્ડ ફ્રેન્ડ્સ આ વખતે કોને મળ્યા ? રોઝલૅન્ડના રોઝીસને શું જાણવા મળ્યું ? શૌર્યએ ક્રિસમસ વેકેશનના પહેલા દિવસે શું કર્યું ?

ચાલો, આ ડિસેમ્બર મહિનાથી આપણે સુખની દુકાન ખોલીને ક્રિસમસ ઊજવીએ અને પછી એ દુકાન ફક્ત ક્રિસમસ પૂરતી જ નહીં, પણ આખું વર્ષ ચાલુ રાખીએ.

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૬, અંક : ૦૪
સળંગ અંક : ૧૮૪
ડિસેમ્બર ૨૦૨૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

સુખની દુકાન એટલે શું ? સવારથી ઊઠ્યા ત્યારથી બીજાને સુખ આપવું. સુખની દુકાન કાઢને એટલે તારે ભાગેય સુખ જ રહેશે અને લોકોને ભાગેય સુખ જ જશે. આપણે હલવાઈની દુકાન હોય પછી કોઈને ત્યાં જલેબી વેચાતી લેવા જવું પડે ? જ્યારે ખાવી હોય ત્યારે ખવાય. માટે તું સુખની જ દુકાન કાઢ.


કંઈ પૈસા એકલાથી સુખ અપાતું નથી. પૈસા તો આપણી પાસે હોય કે નાય હોય. પણ આપણી એવી ભાવના હોય કે સામાને કેમ કરીને હેલ્પ કરું !



આપણે ઘેર કો'ક આવ્યો હોય, તેને કંઈ કેમ કરીને હેલ્પ કરું, એવી ભાવના હોવી જોઈએ.

અક્કલ હોય તો અક્કલથી કોઈને સમજણ પાડીને પણ એનું દુઃખ ઓછું કરવું. ફેરો ખાઈને, ધક્કો ખાઈને, ગૂંચાયેલો હોય એને સારી સમજણ પાડીને હેલ્પ કરવાની. બીજાને સુખ આપો એમાં જ તમે સુખી થશો.

આ દુનિયાનો કાયદો એક જ વાક્યમાં સમજી જાવ, જો સુખ જોઈતું હોય તો, બીજા જીવોને સુખ આપો અને દુઃખ જોઈતું હોય તો દુઃખ આપો.





જે પોતાનું સુખ બીજાને
ભોગવવા આપી દે છે એ
દેવગતિમાં જાય છે.

# આ તો

આ લાઈફ જો પરોપકાર માટે
(બીજાના સુખ માટે) જશે તો
તમને કશીય ખોટ નહીં આવે.
તમારી જે ઈચ્છાઓ છે તે બધી જ
પૂરી થશે.





જેને જે ભાવતું હોય તેણે
તેની દુકાન કાઢવી.
દા.ત. : અઘરા પ્રશ્નોના ઉકેલ
લાવવામાં મારી કોઈ મદદ કરે એ મને
ગમે, તો જ્યારે સામાને જરુર પડે
ત્યારે હું પણ એની મદદ કરીશ.

# નવી જ વાત !



દુખિયો માણસ જ
બીજાનું બગાડે. સુખિયો
માણસ તો બધાને સુખ
આપવાનો જ પ્રયત્ન કરે.

# ક્રિસમસ સેલિબ્રેશન

'ના, એ દિવસે મારે એમ નહોતું કરવું.' પણ બાર વર્ષના છોકરાને પોતાના મન મુજબ કરવાની છૂટ કેટલી હોય ? બીજાની તો મને નથી ખબર. પણ મારી પાસે તો નહોતી જ ! મમ્મીએ કહ્યું એટલે ફાઈનલ ! જવું તો પડે જ.

ક્રિસમસ વેકેશનના પહેલા દિવસે મારે, 'રિફલેક્શન્સ - ધ સીનિયર્સ હોમ'માં જઈને વડીલો માટે પિઆનો વગાડવાનો હતો. મને લાગે છે કે આખા અમેરિકામાં ક્યાંય નહીં હોય એટલા વડીલો ફ્લોરિડામાં રહેતા હશે. મને વડીલો સાથે કોઈ પ્રૉબ્લેમ નહોતો. પણ, ત્યાં એમના ઘરે, એટલે કે સીનિયર્સ હોમમાં જવાનો પ્રૉબ્લેમ હતો.

'એ વડીલો માટે ક્રિસમસ મુખ્ય તહેવાર છે. પણ એમની પાસે મજા કરવાના કોઈ ખાસ સાધનો નથી. તું એમના માટે મ્યુઝિક વગાડીશ તો એ લોકો ખૂબ ખુશ થશે.' મમ્મીએ મને મનાવવાની કોશિશ કરી.

'પણ, મમ્મી ક્રિસમસ તો ફેમિલી સાથે સેલિબ્રેટ કરવું જોઈએ ને ? મારે શું કામ જવાનું ? એ લોકોએ પોતાની ફેમિલીસને બોલાવવી જોઈએ.' મેં સામે આર્ગ્યુમેન્ટ કરી.



'બેટા, બની શકે કે એમનો પરિવાર ના આવી શકતો હોય. પણ મારે તારી કોઈ દલીલ નથી સાંભળવી. જો તારે એકલા ના જવું હોય તો તારી મ્યુઝિક-બૅન્ડના ફ્રેન્ડ્સને પણ બોલાવી લેજે.' મમ્મીએ મક્કમ થઈને કહ્યું.

હા, અમારા ત્રણનું એક મ્યુઝિક-બૅન્ડ છે. મેં મારા બેઉ ફ્રેન્ડ્સને બોલાવવાના વ્યર્થ પ્રયત્ન કરી જોયા. એકે ડિઝનીલૅન્ડ જવાનો પ્લાન બનાવ્યો હતો અને બીજાએ દરિયા કિનારે. હવે ફ્લોરિડામાં રહેતા છોકરાંઓ વેકેશનમાં બીજું શું કરે ? આવું જ કંઈક ! પણ મારી વાત તો જુદી હતી. મારે સીનિયર્સ હોમમાં જવાનું હતું.

મમ્મીએ મને સીનિયર્સ હોમના ગેટની બહાર ઉતાર્યો. 'ઑલ ધ બેસ્ટ શૌર્ય. મારે થોડું કામ છે. એ પતાવીને હું તને ટાઈમ પર લેવા આવી જઈશ.' કહી મમ્મી ત્યાંથી બહાર નીકળી ગયા.

મેં બિલ્ડિંગની અંદર પગ મૂક્યો અને મને ગભરામણ શરૂ થઈ ગઈ. પાછળ ફરીને મમ્મીને રોકવાનો પ્રયત્ન કર્યો. પણ એ તો નીકળી ગયા હતા. હવે મારી પાસે બીજો કોઈ રસ્તો નહોતો, અંદર જઈને પિઆનો વગાડવાનો જ હતો. હિંમત ભેગી કરીને હું રિસેપ્શન પર ગયો.

'હાય, મારું નામ શૌર્ય છે. હું અહીંયા પિઆનો વગાડવા...'

મારું વાક્ય પતે એ પહેલા જ લેડી ઊભા થઈ ગયા અને મને ખૂબ દિલથી આવકાર આપ્યો, 'ઓહ, હું તારી જ રાહ જોતી હતી. માય ડિઅર, ચાલ મારી સાથે.' એ મને હાથ પકડીને એક હૉલમાં લઈ ગયા.

ત્યાં બધા વડીલો પોતાની ખુરશીઓ પર ગોઠવાઈ ગયા હતા. એક ખૂણામાં પિઆનો પડ્યો હતો. પિઆનોની હાલત જોઈને લાગ્યું કે જાણે વર્ષોથી કોઈ એને અડ્યું જ નથી.



દિલમાં એક આશા જાગી, 'કાશ, આ પિઆનો વાગે જ નહીં. અને હું અહીંથી જલદી છૂટી શકું.' દસ જ સેકન્ડમાં મેં પ્લાન બનાવી દીધો કે છૂટીને હું મોલમાં જઈશ. ત્યાં મારો ફેવરિટ આઈસ્ક્રીમ ખાઈશ અને પછી મૂવી જોવા જઈશ.



ત્યાં તો એક અવાજ સંભળાયો, 'લેડીઝ એન્ડ જેન્ટલમેન, સેન્ટ મેરી સ્કૂલમાંથી એક સ્પેશિઅલ ગેસ્ટ આજે આપણને એક સરસ મજાનું મ્યુઝિકલ પરફૉર્મન્સ આપશે.'

તાળીઓ પડી અને હું મારા ડ્રીમ વર્લ્ડમાંથી બહાર આવ્યો. બધા વડીલો સામે એક સ્માઈલ આપી અને પિઆનોની સામે રાખેલી ખુરશી પર ગોઠવાઈ ગયો. મેં એક-બે કી પ્રેસ કરી જોઈ. પિઆનો તો ટ્યૂનમાં જ હતો. ફક્ત એની બહારની કન્ડિશન ખરાબ હતી. મારો ભાગી છૂટવાનો પ્લાન ફેલ ગયો.

મેં એક ઊંડો શ્વાસ લીધો અને વગાડવાની શરુઆત કરી. એક સોંગ પત્યું એટલે મેં બધાનો રિસ્પૉન્સ જોવા માથું ઊંચું કર્યું. બધા એકીટસે મને જોઈ રહ્યા હતા. અને પછી, એક વડીલે ઊભા થઈને તાળીઓ પાડી અને આખો હૉલ તાળીઓથી ગૂંજી ઊઠ્યો.

આજ સુધી મારા જીવનમાં મારા કોઈ પણ પરફૉર્મન્સમાં મેં આટલી બધી તાળીઓ નહોતી સાંભળી. વડીલોના પ્રતિભાવથી મને વધારે સારું પરફૉર્મ કરવાનું પ્રોત્સાહન મળ્યું.

બીજું સોંગ પિઆનો પર વગાડ્યું ત્યારે બધા વડીલો ઊભા થઈને ડાન્સ કરવા લાગ્યા. બધાને મજા કરતા જોઈ મને કંઈક જુદી જ જાતની હેપિનેસ ફીલ થઈ. હવે મને મારા પરફૉર્મન્સ પર તાળીઓ પડે એ ઈચ્છા નહોતી, પણ એ હતી કે સહુના ચહેરા પર જે હાસ્ય આવ્યું હતું, એ ફરી ફરી જોવા મળે. મને પણ નવાઈ લાગી કે થોડી જ વારમાં હું આટલો કેવી રીતે બદલાઈ ગયો ? લાઈફમાં પહેલીવાર બીજાની ખુશીમાં મને આટલી બધી ખુશી થઈ રહી હતી.

ત્યાં તો એક વડીલ મારી પાસે આવીને બેસી ગયા, અને પિઆનોની કી પર પોતાનો હાથ મૂક્યો. હું અટકી ગયો અને મેં પિઆનો પરથી મારો હાથ હટાવી લીધો.

મેં એમને ધીમા અવાજે પૂછ્યું, ‘દાદાજી, તમારે પિઆનો વગાડવો છે ?’ એ કશું બોલ્યા નહીં. બસ, પિઆનોની કીઝને તાકી તાકીને જોવા લાગ્યા. પિઆનો તરફ એમણે હાથ લંબાવ્યા પણ એ ધ્રૂજી રહ્યા હતા. મેં એક ટ્યૂન વગાડી. અને ત્યાં તો એ દાદાજી મારી સાથે જુગલબંધીમાં જોડાઈ ગયા. હું એક ટ્યૂન વગાડું અને દાદાજી મારો સૂર પકડીને બીજી ટ્યૂન વગાડે. આવી મજા તો મને મારા મ્યુઝિક-બૅન્ડ સાથે પણ ક્યારેય નહોતી આવી. આખો હૉલ મધુર સંગીતથી ભરાઈ ગયો.

દાદાજી ખૂબ તલ્લીન થઈને વગાડી રહ્યા હતા. એવું લાગતું હતું જાણે એમના હાથ પિઆનો કીઝ પર એક સુંદર ડાન્સ કરી રહ્યા હોય. મેં ધીમેથી મારા હાથ પિઆનો પરથી હટાવી લીધા. દાદાજી વગાડતા રહ્યા. લગભગ દસ મિનિટ પછી એ અચાનક બંધ થઈ ગયા. થોડીવાર માટે હૉલમાં ચુપ્પી છવાઈ ગઈ અને પછી ફરી એકવાર જોરદાર તાળીઓથી હૉલ ગૂંજી ઊઠ્યો.

એક નર્સે દાદાજીના ખભે હાથ મૂકીને કહ્યું, ‘રૉબર્ટ,



મને નહોતી ખબર કે તમે આટલું સરસ પિઆનો વગાડો છો. અદ્‌ભુત !'

મેં નર્સને પૂછ્યું, 'શું તમે અહીં નવા નવા આવ્યા છો ?'

નર્સે હસીને 'ના' કહી.

'તો શું રૉબર્ટ સર અહીં નવા નવા રહેવા આવ્યા છે ?' મેં પૂછ્યું.

ના, રૉબર્ટ અહીં આઠ વર્ષથી રહે છે. એમણે ક્યારેય પિઆનોને હાથ પણ નથી લગાડ્યો. આજે તારા કારણે અમને ખબર પડી કે રૉબર્ટ આટલો સરસ પિઆનો વગાડે છે. થેન્ક યૂ સો મચ. નર્સે પ્રેમથી મારા માથે હાથ ફેરવ્યો.

મેં દાદાજી સામે જોયું. એમના ચહેરા પર એક પ્રસન્નતા હતી. એમણે મારો હાથ એમના હાથમાં લીધો અને મને 'થેન્ક યૂ' કહ્યું. એ ક્ષણે મને દાદાજી સાથે એક કનેક્શન ફીલ થયું. મેં મારા દાદાજીને જોયા નથી. પણ તે દિવસે મને લાગ્યું કે જાણે મને મારા દાદાજી મળી ગયા.

ઘડિયાળ પર નજર ગઈ તો ટાઈમ થઈ ગયો હતો. મેં ઊભા થઈને બધાનો આભાર વ્યક્ત કર્યો. અને હોલની બહાર નજર કરી તો મમ્મી મને લેવા આવી ગયા હતા.

ગાડીમાં મમ્મીએ કહ્યું, 'ચલ, હવે આપણે મોલમાં જઈને આઈસ્ક્રીમ અને મૂવી સાથે સેલિબ્રેટ કરીએ.'


પણ, મારું સેલિબ્રેશન તો થઈ ગયું હતું. જે હેપિનેસ મને તે સાંજે સીનિયર્સ હોમમાં મળી હતી, એવી તો ક્યારેય કોઈ પણ મૂવી કે આઈસ્ક્રીમમાં નથી મળી.



# ચાલો રમીએ...

આખા અક્રમ એક્સપ્રેસ મેગેઝીનમાં કેટલા સ્માઈલી છે તે ગણો અને અમને મોબાઈલ નંબર ૯૩૧૩૬૬૫૫૬૨ પર જણાવો.

## આલુને ચીલી સુધી પહોંચવામાં મદદ કરો.



The Little Chef

# કેક પોપ્સ

તમને જોઈશે...

- કેકનો ભૂકો
- આઈસ્ક્રીમની સ્ટીક
- ચોકલેટ સીરપ
- ડેકોરેશન માટે ટોપરાનું છીણ અથવા કલરફુલ સ્પ્રિંકલ્સ




કેકનો ભૂકો લઈ તેના નાના બોલ્સ વાળી લો





બોલ્સની વચ્ચે આઈસ્ક્રીમની સ્ટીક ભરાવી દો.




હવે બોલ્સને ચોકલેટ સીરપમાં ડીપ કરી તેના પર તમારુ મનપસંદ ડેકોરેશન કરો.




હવે ૨૦-૩૦ મિનીટ માટે ફ્રીજ કરો.

**તૈયાર છે તમારા મનપસંદ કેક પોપ્સ.**



હેપ્પીલૅન્ડ
એક ઊંચા ઝાડ પર બેસીને બે ચકલીઓ વાતો કરી રહી હતી,
આપણે કેટલા લકી છીએ કે આપણને આપણા માળામાંથી આવું સુંદર રોઝલૅન્ડ દેખાય છે !
પણ કેવું કહેવાય, એક બાજુ આવો સુંદર ગુલાબથી ભરેલો બગીચો છે અને બીજી બાજુ સાવ ઉજ્જડ જમીન !
એટલી ઉજ્જડ પણ નથી ! બે સૂરજમુખીના ફૂલો તો દેખાય છે.
ત્યાં તો એક એમિલી નામની ખિસકોલી પહેલીવાર રોઝલૅન્ડની મુલાકાતે આવી,
કેટલા ટેસ્ટી છે રોઝલૅન્ડના રોઝીસ ! હું અહીં રોજ આવીશ.
એય, કોણ છે તું ? અને અમારા રોઝલૅન્ડમાં શું કરે છે ? બહાર કાઢો આને.
સૉરી, પણ મને ભૂખ લાગી હતી એટલે...
બહાર નીકળ અને ફરી આવીશ નહીં.


ખિસકોલીના ગયા પછી,
પણ ક્વીન, એ તો ખરી પડેલા રોઝના પાન જ ખાતી હતી.
આજે ખરી પડેલા ખાધા, કાલે તાજા ખાવા આવશે. આજથી રોઝલૅન્ડના દરવાજા બંધ. બહારથી બધાનું આવવાનું બંધ !
એક દિવસ ટ્વિંકલ ત્યાં આવી,
અહીં કોઈને એન્ટ્રી નથી.
શું ? પણ કેમ ? હું તો અહીં મારા ફ્રેન્ડ્સ સાથે હંમેશાં આવું છું.
ક્વીન ક્રીનાએ રોઝલૅન્ડમાં નવો નિયમ બનાવ્યો છે. તને અહીં કંઈ નહીં મળે.
થોડા દિવસ પછી,
ક્વીન, તમારો નિયમ મસ્ત છે ! કોઈ આપણને હેરાન નથી કરતું અને આપણે આપણી રીતે મજા કરીએ છીએ.



લગભગ છ મહિના પછી,
શું થયું લીઝા ? કેમ આટલી દુઃખી દેખાય છે ?
કંઈ નહીં ક્વીન. થોડું એકલું એકલું લાગે છે.
કેમ ?
યાદ છે ક્વીન, લાસ્ટ યર આ ટાઈમે આપણું રોઝલૅન્ડ કેટલું હર્યું-ભર્યું હતું. અને હવે જુઓ...
સાચું કહે છે, જૂના છોડ મરવા લાગ્યા છે અને નવા ઊગી નથી રહ્યા.
અને હવે આપણને કોઈ મળવા પણ આવતું નથી. મધમાખી અને પતંગિયાની કંપની હું મિસ કરું છું.
ત્યાં તો ચકલીઓની વાતચીત સંભળાઈ,
સમય કેવો બદલાઈ ગયો.
સાચે જ ! આજે રોઝલૅન્ડ ઉજ્જડ બની ગયું છે અને બે સનફ્લાવર્સમાંથી આખું એક હેપ્પીલૅન્ડ બની ગયું !
ક્રીના એમની વાત સાંભળી ગઈ,
શું ? સાચું કહો છો ? એવું કઈ રીતે થયું ?


તારા નિયમના કારણે. તે તારા સુખ માટે રોઝલૅન્ડના દરવાજા એમિલી અને એના ફ્રેન્ડ્સ માટે બંધ કરી દીધા.
અને સનફ્લાવર્સે એમની મદદ કરવા માટે એમને વેલકમ કર્યા.
સનફ્લાવર્સ તો એમિલી એન્ડ ફ્રેન્ડ્સની મદદ કરી રહ્યા હતા. પણ બદલામાં એમની જ મદદ થઈ ગઈ.
ફૂલોનું મધ લઈને જતી વખતે તેઓ ફૂલોના બીજ જમીનમાં વેરતા જતા. આમ કરવાથી ત્યાં ફૂલો ઊગી નીકળ્યા.
ઓહ, બીજાને સુખ આપવાથી એમને પોતાને જ સુખ મળ્યું. અને બીજાનો વિચાર ના કરવાના કારણે અમે કરમાઈ ગયા.
આજથી રોઝલૅન્ડના દરવાજા બધાની મદદ માટે હંમેશાં ખુલ્લા રહેશે.




ક્રિસમસ સેલિબ્રેટ કરવા થીઓ એન્ડ ફ્રેન્ડ્સ બેંગ્લોર આવ્યા છે. બહાર વાતાવરણ તો ઠંડું છે પણ હોટલની રૂમમાં ચોમાસું આવી ગયું છે. કારણ કે, જીફ્ફીના આંખોમાંથી આંસુઓનો વરસાદ પડી રહ્યો છે. કારણ એ છે કે જીફ્ફીએ સુધા મૂર્તિના નાનપણની એક વાત વાંચી છે, જે એના દિલને સ્પર્શી ગઈ છે. બુકના પેપર્સ જીફ્ફીના આંસુઓથી ભીના થઈ ગયા છે. એટલે, રીઝોએ એ વાત ઈન્ટરનેટ પરથી શોધી કાઢી અને ગ્રુપને કહેવા લાગ્યો.

નાનપણમાં સુધા મૂર્તિના દાદાજીના ઘરે ઘણા લોકો મદદ લેવા આવતા. દાદાજી પાસે બહુ પૈસા નહોતા એટલે તેઓ એ લોકોને ચોખા આપીને મદદ કરતા.

નાનકડી સુધાને સ્ટોર રૂમમાંથી ચોખા લેવા મોકલવામાં આવતી. સ્ટોર રુમનો દરવાજો નીચો હતો એટલે વડીલો માટે એમાં જવું અઘરું હતું. સુધાને સફેદ કલરના ચોખા લાવવાનું કહેવામાં આવતું. સુધા ડોલ ભરીને લાવતી, લોકોને આપતી અને એમના આશીર્વાદ લેતી.

સાંજે જ્યારે દાદી ખાવાનું બનાવતા, ત્યારે સુધાને ફરી સ્ટોર રૂમમાં ચોખા લેવા મોકલવામાં આવતી. આ વખતે એને લાલ રંગના ચોખા લાવવાનું કહેવામાં આવતું.


ઘણા સમય સુધી આવું ચાલ્યું. એક દિવસ નાનકડી સુધાએ દાદીને પૂછ્યું, 'આપણે કેમ લાલ ચોખા ખાઈએ છીએ અને લોકોને સફેદ આપીએ છીએ ?'

દાદીએ પ્રેમથી કહ્યું, 'કારણ કે, સફેદ ચોખાની ક્વૉલિટી લાલ કરતા વધુ સારી છે. લોકોને મદદ કરીએ ત્યારે આપણી પાસે જે બેસ્ટ હોય તે આપીને કરીએ. ભગવાન બીજે ક્યાંય નથી, પણ લોકોની અંદર જ છે.'






# ચાલો રમીએ...



આપેલા પ્રતીકને દરેક ચોરસમાં એવી રીતે ગોઠવો કે આડી, ઊભી, સીધી કે ત્રાંસી કોઈ પણ લાઈનમાં ૨ એકસરખા પ્રતીક ના આવે.

# દાદાની સુખની દુકાન

## દાદાશ્રી કહે છે...

નાનપણથી જ એ ભાવના હતી કે મને મળ્યો એટલે એને કંઈનું કંઈ સુખ થવું જોઈએ. મને સુખ ના મળે તેનો વાંધો નહીં, તમને બધાને થવું જોઈએ. આખી જિંદગી મેં મારા સુખ ભણી (તરફ) જોયું જ નથી. લોકોના સુખને માટે જ જીવન ગયું છે. અને મને દુઃખ પડ્યુંય નથી. કારણ કે, પારકા હારુ (માટે) જીવનારને દુઃખ હોય કશું ?

1. અમને જ્ઞાન પહેલા એવો ભાવ રહે કે જો શરીરમાં શક્તિ સારી હોય તો આપણે બસમાં ઊભા રહીએ અને બીજાને બેસવાની જગ્યા આપીએ.







**2.** મોટરગાડીમાં જઉં અને મને ગાડી ખાલી લઈને આવવાનું હોય તો થાય કે આ નકામો, ખોટો ફેરો થાય છે. રસ્તામાં પૂછું કોઈને, 'કંઈ જવું છે તમારે ? બેસી જાવ.' મને સંતોષ થાય કે આ ફેરો મારો નકામો ના ગયો.

**3.** મારો એક નિયમ એવો હતો કે, સ્ટેશન પર તમે ભેગા થયા હોય, અને હું ટ્રેનમાં જવાનો હોઉ, તો તમારા બધાની ટિકિટો હું જ લઈ આપું. કોઈ દહાડો ભેગા થયેલા માણસને મેં ટિકિટ લેવા નથી દીધી.

**4.** નાનપણમાં ઘેરથી શાક લેવા નીકળું ને, તો પાડોશીને પૂછું કે તમારે શાક લાવવું છે ?





Akram Express

December 2023
Year : 16, Issue : 04
Conti. Issue No.: 184

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

અડાલજમાં ૪ થી ૧૩ વર્ષના *Little & Baby mht*ના બાળકો માટે યોજાયેલ

# ફ્યુઝન કેમ્પની ઝલક...




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*